**Publication:** Standard Herald
**Date:** 08/08/2015
**Edition:** Ahmedabad
**Page No:** 4
**Headline:** TCS IT Wiz 2015 on 11 August

# ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૫ અમદાવાદમાં ૧૧મી ઓગસ્ટે યોજાશે

અમદાવાદ, ૨૦૧૫ ટીસીએસ આઈટી વીઝ, જે દેશની સૌથી મોટી ઈન્ટર-સ્કુલ ક્વિઝ છે, જે ટાટા કન્સલટન્સી સર્વિસ (ટીસીએસ), એક અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની છે. ટીસીએસ આઈટી વીઝની અમદાવાદનું આયોજન ૧૧મી ઓગસ્ટ, મંગળવારના રોજ રવિન્દ્રનાથ ટાગોર હોલ, પાલડી ખાતે યોજવામાં આવી છે. આમાં કોઈ એન્ટ્રી ફી નથી. ધોરણ ૮-૧૨માં ભણતા કોઈપણ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે. દરેક સંસ્થા સ્પર્ધકો તરીકે વધુમાં વધુ ૮ ટીમ (એક ટીમમાં ૨ સભ્ય) મોકલી શકે છે. ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૫ દેશના ૧૫ લોકેશન પર યોજાશે- અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, ઈંદોર, કોચી, કોલકત્તા, લખનૌ, મુંબઈ, નાગપુર, પૂના અને વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે. ચાલુ વર્ષે આઈટી વીઝની શરૂઆત વિશાખાપટ્ટનમ્થી થશે. સ્પર્ધા માટેની એન્ટ્રી માનનિય સંસ્થાઓ દ્વારા ૮ ઓગસ્ટ પહેલાં ટીસીએસ આઈટી વીઝ, કોઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, શ્રી અંશુલ મેહતા, ટીસીએસ આઈટી વીઝ કોઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઈન્ફોટાવર આઈ. ઈન્ફોસિટી, એરપોર્ટ રોડ ગાંધીનગર-૩૮૨૦૦૯, ગુજરાત, ભારત ખાતે મોકલવાની રહેશે